૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

## રીલ માર્ક્સ -વડોદરા

પ્રોજેક્ટના ગામોમાં ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવા અને ખેડૂતોની આજીવિકા સુધારવા માટે ટીમ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. ટીમ દ્વારા ગામની પ્રોફાઈલ અને જરૂરિયાતનું આકલન, નિયમિત કાર્યક્ષેત્ર મુલાકાતો, ખેડૂત રેકોર્ડ અપડેટ કરવા અને વાવણી બાદના ડેટા એકત્રિત કરવા જેવી કામગીરી કરવામાં આવી. ડેમો ખેડૂતોને ટેકનિકલ માર્ગદર્શન સાથે ૧ લિટર NPK કન્સોટિયા આપવામાં આવ્યું. બગલીપુરા ગામમાં પશુ આરોગ્ય શિબિર યોજાઈ, જેમાં ૯૦ પશુઓની આરોગ્ય તપાસ કરવામાં આવી. કૃષિ વનીકરણને પ્રોત્સાહન આપવા દરેક ડેમો ખેડૂતને ૧૩ રોપાંનું વિતરણ કરવામાં આવ્યું. ગામની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટના ૧૦ ગામોમાં દરેક ગામે ૨૦ આંબાના રોપાંનું વિતરણ કરવામાં આવ્યું, જેથી ટકાઉ ખેતી અને લાંબા ગાળાની આવકની તકોને પ્રોત્સાહન મળી શકે. પ્રોજેક્ટના વધુ અસરકારક અમલીકરણ માટે ટીમે CC ટીમ દ્વારા આયોજિત ક્ષમતાવર્ધન તાલીમમાં પણ ભાગ લીધો.











Share your review



www.hariraj.org info@hariraj.org

## રીલ રીજન કોટડા - ગોંડલ તાલુકો

રીલ ફાર્મર પૂલ ટીમ દ્વારા ખેડૂતોને સશક્ત બનાવવા માટે ક્ષમતા વિકાસ અને ટકાઉ કૃષિ પહેલો અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. નિયમિત કાર્યક્ષેત્ર મુલાકાતો દ્વારા માટી પરીક્ષણ અહેવાલોનું વિતરણ, વાવણી બાદનો ડેટા સંગ્રહ અને ખેડૂત રેકોર્ડનું અપડેશન કરવામાં આવ્યું. ખેડૂતોમાં જાગૃતિ વધારવા અને સુધારેલી કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે ખેડૂત તાલીમ સત્રો અને ગ્રામ્ય બેઠકોનું આયોજન કરવામાં આવ્યું. ૬ ગામોમાં વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું, જ્યારે ૧૮ ગામોમાં આંબાના રોપાંનું વિતરણ કરીને કૃષિ વનીકરણને પ્રોત્સાહન આપવામાં આવ્યું. આગામી મહિનાઓમાં વધુ રોપાં વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. કુદરતી અને ટકાઉ ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે ૪ ગામોમાં બાયો-પેસ્ટિસાઇડ ટ્યુબ્સ સ્થાપિત કરવામાં આવી, જે પાક સંરક્ષણ માટે પર્યાવરણને અનુકૂળ વિકલ્પ તરીકે ઉપયોગી સાબિત થઈ રહી છે.



## જેન્ડર સંવેદનશીલતા અને ગુડ ટચ–બેડ ટચ જાગૃતિ કાર્યક્રમ

તા. ૭ જુલાઈ ૨૦૨૬ ના રોજ મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરીના સહયોગથી માલવિયા પીપળિયા અને મતીરાળા ગામોમાં જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા. માલવિયા પીપળિયામાં શાળાના બાળકો માટે ગુડ ટચ-બેડ ટચ અંગે માર્ગદર્શન સત્ર યોજાયું, જ્યારે મતીરાળા ગામમાં સખી મંડળની મહિલાઓ માટે જેન્ડર સંવેદનશીલતા વિષયક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

હરિરાજ ચેરિટેબલ ટ્રસ્ટનું પ્રતિનિધિત્વ કરતા માનસી દ્વારા સખી મંડળની મહિલાઓને જેન્ડર સંવેદનશીલતા અંગે માહિતી અને માર્ગદર્શક આપ્યું. કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ અધિકારી શ્રી શૈલેષભાઈ કણઝરિયા તથા તેમની ટીમ ઉપસ્થિત રહી હતી.










# શિક્ષણ સહાયતા કેન્દ્ર

જુલાઈ મહિનામાં નર્મદા અને અમરેલી જિલ્લાના બે ગામોમાં સેન્ટર ફોર લર્નિંગ આસિસ્ટન્સની શરૂઆત કરવામાં આવી. લર્નિંગ આસિસ્ટન્ટ્સ વૈશાલી અને હેમાલીએ ૮ થી ૧૦ વર્ષના ૫૦ બાળકોને અભ્યાસમાં રહેલી ખામીઓ દૂર કરવા, આત્મવિશ્વાસ વધારવા તેમજ જીવનમૂલ્યો અને જીવનકૌશલ્યો વિકસાવવામાં સહયોગ આપ્યો. આ કેન્દ્રોમાં બાળકોને પરંપરાગત વર્ગખંડથી અલગ, આનંદમય અને બાળ મૈત્રીપૂર્ણ શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. પ્રવૃત્તિ આધારિત અને સહભાગી શિક્ષણ દ્વારા બાળકો પોતાની અભિવ્યક્તિ, પાયાના શૈક્ષણિક કૌશલ્યો અને આત્મવિશ્વાસનો વિકાસ કરી રહ્યા છે.








## લેખન સત્ર

તા. ૭ જુલાઈ ૨૦૨૬ના રોજ ટીમ દ્વારા બે મહત્વપૂર્ણ કાર્યક્ષેત્ર અહેવાલો પર રાઇટ-અપ અને રીફ્લેક્શન સત્રનું આયોજન કરવામાં આવ્યું.

પ્રથમ અહેવાલમાં રીલ માર્ક્સ પ્રોજેક્ટના ગામોની મુલાકાત દરમિયાન મળેલા અવલોકનો અને અનુભવો રજૂ કરવામાં આવ્યા. આ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરીને કાર્યક્ષેત્ર ટીમના કાર્યને વધુ અસરકારક અને મજબૂત બનાવવા માર્ગદર્શન આપવામાં આવ્યું.

બીજા અહેવાલમાં અમારી સહયોગી સંસ્થા સાથે જોડાયેલા ઉદ્યોગસાહસિક શ્રીમતી દયાબેન ધંધુકિયાની પ્રેરણાદાયક સફળતા રજૂ કરવામાં આવી. તેમની મહેનત અને સાહસના પરિણામે તેમણે આર્થિક સ્વાવલંબન પ્રાપ્ત કર્યું તેમજ પોતાના સમુદાયમાં અન્ય લોકો માટે રોજગારીની તકો ઊભી કરી. તેમની યાત્રા મહિલા આર્થિક સશક્તિકરણ અને સમુદાય વિકાસનું ઉત્તમ ઉદાહરણ છે.



## વાંચન સત્ર

તા. ૧૦ જુલાઈ ૨૦૨૬ના રોજ વાંચન વર્તુળના સભ્યો એકત્રિત થયા અને સ્ટીફન કોવીના પુસ્તક "મહાન હૃદયોના સારેગમાપા" નું વાંચન અને ચર્ચા આગળ વધારી.
આ સત્ર દ્વારા વિચારમંથન, અર્થપૂર્ણ ચર્ચા અને ટીમ સભ્યો વચ્ચે વિચારોના આદાન-પ્રદાનને પ્રોત્સાહન મળ્યું. વાંચન વર્તુળ સતત શીખવાની સંસ્કૃતિ, વ્યક્તિગત વિકાસ અને સહિયારા નેતૃત્વના મૂલ્યોને વધુ મજબૂત બનાવે છે.




Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here